ગુજરાતમિત્ર
ગતિવિધિ

ચેટિચંદ નિમિત્તે આગામી 29-30 માર્ચના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું

વડોદરા : આગામી તા.29 માર્ચ ને શનિવારના રોજ સિંધી સમાજના નવવર્ષ ચેટિચંદ પર્વ નિમિત્તે પ્રેમ પ્રકાશ ધર્મતિર્થ, વારસિયા ખાતે વિવિધ કાર્યક્રમોનું

આયોજન કરવામાં આવ્યું છે જેમાં સાંજે 7:30 કલાકથી સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે આ કાર્યક્રમમાં પિન્ટુ એન્ડ સોની ગ્રુપ તેમજ જીતુ હિરાની ટીમ દ્વારા સિંધી સાંસ્કૃતિક સંગીતમય પ્રોગ્રામ યોજવામાં આવશે સાથે જ બેન્ડ ઓફ રોકસ્ટાર જયેશ અમરાની દ્વારા પણ સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવનાર છે તદ્પરાંત મહાપ્રસાદી(જાહેર ભંડારા) નું આયોજન કરવામાં આવ્યું છે અને રાત્રે બાર વાગ્યે ભવ્ય આતશબાજી નો કાર્યક્રમ યોજવામાં આવશે.બે દિવસીય કાર્યક્રમ દરમિયાન પ્રેમ પ્રકાશ ધર્મતિર્થ, સહિતના ધાર્મિક સ્થળોને રોશનીથી શણગારવામાં આવશે. તા.30 માર્ચને ચેટીચંદ પર્વે વારસિયા સ્થિત પ્રેમ પ્રકાશ ધર્મતિર્થ ખાતેથી સાંજે 5 વાગ્યે સાંજે જૂલુસ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે જેનો રૂટ રૂપલ મંદિર, જલારામ ચોક થી દાજીનગર ત્રણ રસ્તા થઇ ગાયત્રી ગ્રાઉન્ડ સંત રામદાસ ચોક થી ઝૂલેલાલ મંદિર થઇને બાબા પરસારામ દરબાર (ફકીર કી ઝોપડી) થઇ હરિસેવા ધામ લીલાશાહ ચોક થી સિંધુ સાગર ખાતે બહેરાણા સાહેબ પરવાન સાથે સંપન્ન થશે. ત્યારે આ પ્રસંગે પ્રેમ પ્રકાશ ધર્મતિર્થ ના મુકેશભાઈ દ્વારા સર્વે જનતાને તેમજ સિંધી સમાજના સૌ નાગરિકોને અપીલ કરવામાં આવી હતી કે પ્રોગ્રામમાં ઉપસ્થિત થાવા વિનંતી કરવામાં આવી હતી સિંધી સમાજના નવવર્ષ ચેટીચંદ પર્વ નિમિત્તે સમાજના સન્મુખ જ્ઞાનચંદાનીએ સર્વે સિંધી સમાજના લોકોને પોતાના ઘરોમાં દીવડા પ્રકટાવી ઘરને રોશનીથી શણગારવા અપીલ કરી છે.

30 માર્ચે ગુડી પડવા નિમિત્તે રામેશ્વર ચૌલ ,નવાયાર્ડ રોડ ખાતે અખિલ મહારાષ્ટ્ર યુવક મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમો

વડોદરા : આગામી તારીખ 30મી માર્ચના રોજ શહેરના નવાયાર્ડ છાણી રોડ ખાતે આવેલા રામેશ્વર ચૌલ ખાતે પરમ પૂજ્ય ગુરુવર્ય દાદા મહારાજ મોરે માઉલી ની કૃપાથી અખિલ મહારાષ્ટ્ર યુવક મંડળ દ્વારા અધ્યક્ષ વિજય જાધવની આગેવાનીમાં સતત 18મા વર્ષે ગુડી પડવા નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં આગામી

તા.30-03-2025 ના રોજ સવારે 9:30 કલાકે મહારાષ્ટ્રિયન સમાજની સૌભાગ્યવતી સ્ત્રીઓ દ્વારા ગુડીની સ્થાપના કરવામાં આવશે ત્યારબાદ સવારે 10:30 કલાકે ભગવાન શ્રી સત્યનારાયણ ની કથા થશે, સાંજે 6 થી 7 દરમિયાન હરિપાઠ, 7 થી 8 વાગ્યા દરમિયાન સમાજના બે આગેવાનો જેમાં શ્રી મ્હાડ પોલાદપુર તાલુકા મરાઠા સમાજ વડોદરાના અધ્યક્ષ દગડુ પાંડુરંગ જાધવ કે જેઓએ સમાજના વિકાસ માટે પોતાનું બહુમૂલ્ય યોગદાન આપ્યું છે અને શંકર વાડી સમાજને આપી છે તેઓનું તથા સંત મોરે માઉલી વારકરી સંપ્રદાયના અધ્યક્ષ કોંડીરામ દત્તાત્રેય પાર્ટે કે જેઓની આગેવાનીમાં સમાજના કોઈપણ વ્યક્તિનું મૃત્યુ થાય તે દિવસથી તેના બારમા તેરમા ની વિધિ થતાં સુધીમાં દરરોજ ભજન કિર્તન નું આયોજન કરવામાં આવે છે તે બંને સમાજના બહુમુલ્ય લોકોનું સ્વાગત કરવામાં આવશે સાથે જ ફતેગંજ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓનુ પણ સન્માન કરાશે ત્યારબાદ જાહેર ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે 9 થી 11 વાગ્યા સુધી શાંતારામ અમૃત મોરે તથા તેમની ટીમ દ્વારા સંગીતમય ભજન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં મોટી સંખ્યામાં મહારાષ્ટ્રિયન સમાજના લોકો ઉપસ્થિત રહેશે.

આર્ટ ઓફ લિવિંગ વડોદરા દ્વારા "શેર ઇટ દિલ સે" કાર્યક્રમ યોજવામાં આવ્યા

વડોદરા : આર્ટ ઓફ લિવિંગ વડોદરા દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે. જેના અંતર્ગત "શેર ઇટ દિલ સે" કાર્યક્રમ યોજવામાં આવેલ છે, જેમાં લોકો પોતાની લાગણીઓ અને વિચારો એક કપ કોફી સાથે આરામથી અને ખુલીને શેર કરી શકે છે. આ કાર્યક્રમ તારીખ ૨૮ માર્ચ (શુક્રવાર) બપોરે ૧ થી રાત્રે ૯ વાગ્યા સુધી અને ૨૯ માર્ચ (શનિવાર) સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી આર્ટિસ્ટ્રી કેફે, સેવાસી ખાતે યોજવા મા આવેલ છે. 'શેર ઈટ દિલ સે' એક એવો અવસર છે જ્યાં લોકો પોતાના મનની વાતો જે કોઈને ક્યારેય કહી ન શક્યા હોય તે ખુલ્લા મને વ્યક્ત કરી શકે છે. આર્ટ ઓફ લીવિંગના 'હેપ્પીનેસ કોચ' તેમની વાતોને સંવેદનશીલ રીતે અને કોઈ જજમેન્ટ વગર સાંભળશે અને વ્યક્તિને મનથી હળવું થવામાં મદદરૂપ થશે. આપણા મનમાં અટકી રહેલી વાતો કોઈને કહેવાથી માનસિક શાંતિ અને આરામ મળી શકે છે અને સાથે સાથે વ્યક્તિ ને કોઈ ટ્રોમા અથવા દુઃખ માંથી હીલ થવામાં પણ મદદ મળશે. આ ઈવેન્ટનો હેતુ એ છે કે લોકોને પોતાની પ્રોબ્લેમ ના સોલ્યુશન મળે ના મળે પણ વિચારોને મુક્ત રીતે શેર કરી શકે અને પોતાના મનને હલકું કરી શકે. આ કાર્યક્રમ તદ્દન નિઃશુલ્ક છે. આ ઈવેન્ટમાં ભાગ લેનાર વ્યક્તિઓની માહિતી અને વાતો સંપૂર્ણ રીતે ખાનગી રાખવામાં આવશે. અહીં, વ્યક્તિ ને કોઈ પણ પ્રકારના પૂર્વાગ્રહ વિના, ફક્ત અનુકૂળ અને સહાયક વાતચીતનો અનુભવ મળશે. આ પહેલ દ્વારા લોકોને તણાવમુક્ત થવા માં મદદ મળશે જે આર્ટ ઓફ લિવિંગ સંસ્થાનું કાયમ ઉદ્દેશ્ય રહ્યું છે. ોઆ અનોખી પહેલ મા ભાગ લેવા માટે આર્ટ ઓફ લીવિંગ વડોદરાના હેલ્પલાઈન નંબર 9724623424 પર સંપર્ક કરીને ૩૦ મિનિટનું સ્લોટ બુક કરી શકાય છે.

સલુનની દુકાનમાંથી રૂ.7,821ના દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

જે.પી. રોડ પોલીસે રૂ 22,872ના મુદામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા. 26

જે.પી.રોડ પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે શહેરના અકોટા - મુજમહુડા રોડ ખાતે આવેલા અશ્વમેધ -1માં સલુનની દુકાન ચલાવતા ઈસમને ભારતીય બનાવટના અંગ્રેજી દારૂ ની 12નંગ બોટલ જેની આશરે કિંમત રૂ 7,872 તથા આઈફોન -12પ્રો જેની અંદાજે કિંમત રૂ 15,000મળીને કુલ રૂ 22,872ના મુદામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર,જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મીને મુક્તિનગર પોલીસ ચોકી ખાતે ફરજ દરમિયાન મળેલી બાતમીના આધારે અકોટા હનુમાનજી મંદિર પાસે આવેલા સામ્રાજ્ય એપાર્ટમેન્ટમાં આવેલી સલૂનની દુકાનમાં એક ઈસમ અંગ્રેજી દારુનો ધંધો કરતો હોવાની માહિતીના આધારે મુજમહૂડા પોલીસ ચોકીના પોલીસ સબ ઈન્સ્પેકટર બી.આર.બારીયાને માહિતી આપતા તેઓએ પોલીસ તથા પંચોને સાથે રાખી અકોટા - મુજમહુડડા રોડ પર આવેલા અશ્વમેધ -1ના દુકાન નંબર 10 માં તપાસ કરતાં એક ઈસમ નામે મહંમદ શાહરૂખ યાકુબભાઈ ખલીફા પોતે નુરાની પાર્ક, કિસ્મત ચોકડી તાંદલજા ખાતે રહેતો હોવાનું તથા મૂળ તે ભરુચ જિલ્લાના વાગરા તાલુકાનો વતની હોવાનું જણાવ્યું હતું તેની દુકાનમાં તપાસ કરતાં શણના થેલામાં પાર્સલ ચેક કરતાં અંગ્રેજી દારુની અલગ અલગ બ્રાન્ડની 12નંગ કાચની બોટલ જેની આશરે કિંમત રૂ 7,872 તથા શાહરૂખ પાસેથી એક આઈફોન -12પ્રો જેની અંદાજે કિંમત રૂ 15,000મળી કુલ રૂ 22,872નો મુદામાલ મળી આવતા જે.પી.રોડ પોલીસે તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આરોગ્યમંત્રીની લાલઆંખ : 134 કર્મીઓએ હડતાળ પરત લઇ ફરજ પર આવી ગયા

10 દિવસથી હડતાળ પર ઉતરેલા 311 આરોગ્ય કર્મચારીઓને રાજ્ય સરકાર દ્વારા ચાર્જશીટ

વડોદરા જિલ્લાના કુલ 447 આરોગ્ય કર્મીઓ હડતાલ પર ઉતર્યા હતા

સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે આરોગ્ય કર્મીઓએ કેન્ડલ માર્ચ યોજી હતી.

(પ્રતિનિધિ) વડોદરા તા. 26

તા.26 માર્ચને બુધવારે સતત દસમા દિવસે આરોગ્ય કર્મીઓ હડતાલ પર રહ્યા છે.રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય મંત્રી ત્રૃષિકેશ પટેલે હડતાળ કરનારા આરોગ્ય કર્મીઓ સામે લાલ આંખ કરી છે જેના કારણે આઠ જિલ્લાના બે હજારથી વધુ આરોગ્ય કર્મીઓને છૂટા કરવાનો નિર્ણય કરાયો છે જ્યારે પાંચ હજાર થી વધુ કર્મચારીઓને શોકોઝ નોટિસ ફટકારવામાં આવી છે સાથે જ એક હજાર આરોગ્ય કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ ના આદેશ આપવામાં આવ્યા છે તેમ છતાં ગાંધીનગરમાં આરોગ્ય કર્મીઓ હડતાળ પર પોતાના પડતર માંગણીઓ મુદ્દે હડતાળ પર યથાવત જોવા મળ્યા છે.

ગુજરાત રાજ્યના આરોગ્ય કર્મચારીઓ ગત તા.17મી માર્ચથી પડતર માંગણીઓ મુદ્દે અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા હતા જેનો બુધવારે દસમો દિવસ છે છતાં કર્મચારીઓ હડતાળ પર રહ્યા છે.આરોગ્ય કર્મચારીઓ કેટલીક મુખ્ય માગણીઓ જેવી કે, ટેકનિકલ કૌશલ્ય આધારિત પગારધોરણ લાગું કરવો, ખાતાકીય પરીક્ષા રદ્દ કરવી, ટેકનિકલ ગ્રેડ પે નો સમાવેશ કરવો, ટેકનિકલ કેડરમાં સમાવિષ્ટ કરવાની માંગ સરકાર સમક્ષ છેલ્લા ઘણાં સમયથી કરતા આવ્યા છતાં સરકારે કોઈપણ માગણીઓ સંદર્ભે કોઈ નિર્ણય ન લેતાં આખરે ગત તા. 17 માર્ચથી આરોગ્ય કર્મીઓએ સરકાર સામે હડતાળ નું શસ્ત્ર ઉગામ્યું હતું જે દસમા દિવસે પણ યથાવત જોવા મળી રહ્યું છે ત્યારે રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી ત્રૃષિકેશ પટેલે આંદોલનકારી આરોગ્ય કર્મીઓ સામે લાલ આંખ કરી છે અને હડતાળ તોડવા માટે 'એસ્મા' લાગુ કરી બહાલ કરાયેલા કર્મચારીઓ પર ટર્મિનેશનની કાર્યવાહી કરવામાં આવી છે જે અંતર્ગત નવમા દિવસે યુનિયનના મહામંત્રી આશિષ બારોટને નોકરીમાંથી છૂટા કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો સાથે જ આઠ જિલ્લાના બે હજારથી વધુ આરોગ્ય કર્મીઓને છૂટા કરવાનાં આદેશ આપવામાં આવ્યા છે જ્યારે પાંચ હજાર થી વધુ કર્મચારીઓને શોકોઝ નોટિસ ફટકારવામાં આવી છે જ્યારે એક હજાર આરોગ્ય કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ નો હૂકમ કરવામાં આવ્યો હતો તેમ છતાં આરોગ્ય કર્મીઓ પોતાની માંગણીઓ મુદ્દે અડગ રહ્યા છે અને સરકાર સમક્ષ આગામી બે દિવસમાં જી.આર.ઠરાવ ન કરે કે વાટાઘાટો માટે ન બોલાવે તો આગામી દિવસોમાં રાજ્યભરમાંથી આરોગ્ય કર્મીઓએ હડતાળ પર ઉતરવાનો નિર્ધાર કર્યો છે અને કર્મચારીઓ તથા યુનિયનના મહામંત્રી આશિષ બારોટને છૂટા કરવાનાં નિર્ણય સામે આરોગ્ય કર્મીઓ દ્વારા ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે સાંજે કેન્ડલ માર્ચ કાર્યક્રમ યોજાયો હતો.

ગોરવા BIDCની કંપનીમાંથી રૂ.7.29લાખના મુદામાલની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 26

શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી જીઆઈડીસીમાં આવેલા ક્રિશ્ના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ માંથી એક એન્જિનિયરિંગ કંપનીમાંથી અજાણ્યા તસ્કરો દ્વારા અલગ અલગ સાઈઝ અને કિંમતના 83નંગ વાલ્વ જેની આશરે કિંમત રૂ 7,29,628ના મતાની ચોરી કરી ગયા હોવાની ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા વિઠ્ઠલનગર સોસાયટીમાં મકાન નંબર -36 માં રહેતા જૈમિન મિલનકુમાર પટેલે ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર તેઓ ગોરવા વિસ્તારમાં આવેલા બી આઈ ડી સી માં આવેલા ક્રિશ્ના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમા ફ્લોઝોન એન્જિનિયરિંગ સોલ્યુશન નામની કંપની ધરાવે છે આ કંપનીમાં બહારથી વાલ્વ મંગાવવામાં આવે છે અને જરુરિયાત અને ડિમાંડ મુજબ તેના પર પ્રોસેસ કરીને વેચવામાં આવે છે ફેક્ટરીમાં ત્રણ બાજુએ ગેટ છે જેમાં ગત તા. 17માર્ચ સવારે ચાર વાગ્યાથી તા. 20માર્ચ દરમિયાન કોઇક અજાણ્યા તસ્કર દ્વારા અલગ અલગ સાઈઝ તથા અલગ અલગ કિંમતના વાલ્વ નંગ 83 જેની આશરે કિંમત રૂ 7,29,628 ના મુદામાલ જણાયેલ ન હોય ચોરી ગયાનું જણાતાં ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અહીં એક પાર્ટીને એસ એસ કપલર મોકલવાના હોય તપાસ કરતાં મળી આવેલ ન હતા જેથી ફેક્ટરીમાં લાગેલા સીસીટીવી કેમેરામા ચેક કરતાં ગત 17 માર્ચે સવારે ચાર વાગ્યે તથા સાંજે એક ઈસમ અંદર ગેટથી ગેપમા થી અંદર પ્રવેશતો દેખાયો હતો તથા બીજા દિવસે પણ તે અંદર દેખાયો હતો જેથી એસ એસ વાલ્વ મટિરિયલની ચોરી થઈ હોવાનું જણાયું હતું જેના આધારે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જે અંગે પોલીસે તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

પશ્ચિમ વિસ્તારમાં સુવેજ નેટવર્ક મજબૂત કરવા રૂ.29.32 કરોડના પ્રોજેક્ટ માટેની દરખાસ્ત રજૂ

સેવાસી-ભાયલી માટે નવી પ્રેશર ડ્રેનેજ લાઇન અને ઓટોમેટેડ પંપ સ્ટેશન્સ બનાવાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.26

શહેરના પશ્ચિમ વિસ્તારમાં સુવેજ નેટવર્કને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા સેવાસી (કેનાલ) થી શેરખી એસટીપી સુધી નવી પ્રેશર ડ્રેનેજ લાઇન બનાવવા માટે રૂ.29.32 કરોડ (અલગથી GST) ના ખર્ચે ટેન્ડર મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે. આ કામ અમૃત 2.0 યોજના હેઠળ કરવામાં આવશે. વડોદરાના ભાયલી અને સેવાસી વિસ્તારોમાં હાલમાં સુવેજ નેટવર્ક અસ્તિત્વમાં નથી, જેના કારણે નાગરિકોને બેસીક ડ્રેનેજ સુવિધાઓનો અભાવ અનુભવું પડે છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે મહાનગરપાલિકા દ્વારા નવા ઓટોમેટેડ પંપ સ્ટેશન્સ (APS) બનાવવાની સાથે પ્રેશર લાઇન અને ગ્રેવીટી લાઇન નેટવર્ક વિકસાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ લાઇન દ્વારા નીકળતી સુવેજને શેરખી એસટીપી ખાતે ટ્રીટમેન્ટ માટે મોકલવામાં આવશે, જેનાથી પર્યાવરણ અને જાહેર આરોગ્યમાં સુધારો થશે.

આ પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં ચાર કોન્ટ્રાક્ટરો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવ્યા હતા. તેમાંથી KSD Construction કંપનીએ 4.90% વધારાની દરખાસ્ત સાથે ન્યૂનતમ દર આપીને કોન્ટ્રાક્ટ મેળવ્યો છે. આ કંપનીએ અગાઉ 5.94% વધારે દરે ટેન્ડર ભર્યું હતું, પરંતુ ચકાસણી અને ચર્ચા બાદ વધુ ઘટાડો કરીને આખરે 4.90% વધારાની સંમતિ આપવામાં આવી. હવે આ ટેન્ડર મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ માટેનો ખર્ચ વિવિધ સ્ત્રોતોથી પૂરો પાડવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા 25% ફંડિંગ કરવામાં આવશે, જ્યારે વડોદરા મહાનગરપાલિકા 35% + ટેન્ડર પ્રીમિયમ અને કન્સલ્ટન્સી ફી ભરશે. કેન્દ્ર સરકારની યોજના CWAP-3 હેઠળ 40% ફંડિંગ આપવામાં આવશે.

ટેક્નિકલ દૃષ્ટિએ આ પ્રોજેક્ટમાં 1200 મીમી અને 800 મીમી વ્યાસની D.I K9 પાઇપો ઉપયોગમાં લેવામાં આવશે. કુલ 3950 મીટર અને 2900 મીટર લાંબી લાઇન નાખવામાં આવશે. આ સાથે રળીયાતબા નગર પાસે મુખ્ય પંપ સ્ટેશન ઉભું કરાશે, જ્યાંથી સુવેજને અટલાદરા એસટીપી તરફ ડાયવર્ટ કરીને બાકી નેટવર્ક પરનો ભાર ઓછો કરવામાં આવશે. આ પ્રોજેક્ટના અમલથી ભાયલી-સેવાસી વિસ્તારની ડ્રેનેજ સમસ્યા દૂર થશે અને નાગરિકોને આધુનિક સુવેજ નેટવર્કનો લાભ મળશે. આ ઉપરાંત, વડોદરા શહેરના અન્ય એસટીપી ઉપરનો ભાર ઓછો થશે, જેનાથી સમગ્ર ડ્રેનેજ સિસ્ટમ વધુ કાર્યક્ષમ બનશે.

પાલિકાની કામગીરી તકલાદી સાબિત થઈ

પૂર્વ વિસ્તારમાં ચાર દિવસ પહેલા જ લગાવેલા પોલ તૂટી ગયા

(પ્રતિનિધિ) વડોદરા તા.26

શહેરના પૂર્વ વિસ્તારમાં ચાર દિવસ પહેલાં જ વડોદરા મહાનગરપાલિકા દ્વારા અકસ્માત ની ઘટનાઓને રોકવા માટે ડિવાઇડરની ખાલી જગ્યાઓ પર લોખંડની પાઇપો લગાડવામાં આવી હતી પરંતુ આ કામગીરી તકલાદી કક્ષાની હોય તેમ જણાય છે લોકોએ લાત મારી ઘણા પોલ તોડી નાખ્યાં છે તો ઘણાં પોલ ચોરાઇ પણ ગયા છે લોકો પોતાના ટુ વ્હીલર ત્યાંથી જ પસાર કરી રહ્યા છે પાલિકા અને પોલીસ તંત્ર દ્વારા તટસ્થતાથી તપાસ કરવામાં નહીં આવે અને ધ્યાન નહીં અપાય તો એકાદ મહિના બાદ તો સ્થિતિ પૂર્વવત બની જવાની શક્યતા છે અને પાલિકાએ લાખોના ખર્ચે લગાડેલા પોલ ગાયબ થઈ જશે સરવાળે પાલિકાને નુકસાન તો થશે જ સાથે અકસ્માત રોકવાની આ યોજના પણ નિષ્ફળ જતાં અકસ્માતના બનાવો વધશે.શહેરના ચારરસ્તા પાસે સીસીટીવી કેમેરા છે છતાં લોકોને કોઈ ડર નથી અને પોલ તોડી નાખ્યાં છે ચોરાઇ રહ્યા છે આ જ સ્થિતિ રહી તો આગામી પંદર દિવસમાં જ શહેરમાંથી પોલ ગાયબ થઈ જાય તો નવાઇ નહીં

વડોદરામાં ભણવા આવતા પેઈન ગેસ્ટ તરીકે રહેતા વિદ્યાર્થીઓના ભાડામાં તોતિંગ વધારો

વાઘોડિયા-આજવા રોડ પર મકાન ભાડે અપાવતા દલાલોના પાપે વિદ્યાર્થીઓને લૂંટવામાં આવી રહ્યા છે

ઉમા ચાર રસ્તાથી વાઘોડિયા ચોકડી સુધી દલાલોના ઠેર ઠેર ગ્રુપ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

શહેર નજીકની કોલેજોમાં અભ્યાસ અર્થે બહારગામ થી આવતા વિદ્યાર્થીઓને મકાન ભાડે લેવા માટે બમણાથી ત્રણ ગણા ભાડા દલાલો દ્વારા વસુલાય છે. મકાન માલિક સાથે મળીને સાઠ ગાઠ રચતા દલાલો વિદ્યાર્થીઓને આર્થિક રીતે લૂંટી જ લે છે. કોઈપણ દલાલ પાસે કોઈ જાતના લાયસન્સ છે જ નહીં સ્થાનિક પોલીસ તંત્ર દલાલો સામે લાલ આંખ કરે તો વિદ્યાર્થીઓ લુટાતા બંધ થાય.

આયુર્વેદિક ત્રણ રસ્તા થી વાઘોડિયા ચોકડી સુધીના અને આજવા ચોકડી ની વચ્ચે આવતા વિસ્તાર માં છેલ્લા પાંચ વર્ષથી મકાનોના ભાડામા ચાર થી પાંચ ગણો વધી ગયો છે. કેટલા કિસ્સામાં તો પોલીસને પણ દલાલો ભાડાના મકાન અને કરાર માટે જાણ કરતા નથી એક રીતે દલાલીની આડમાં અસામાજિક તત્વો જેવા જ કૃત્યો આચરે છે. છતાં આજ સુધીમાં કોઈ ઘટના પોલીસ ચોપડે નોંધાઈ જ નથી. તે જોતા તો એવું લાગી રહ્યું છે કે દલાલો સાથે પોલીસની પણ સાઠ ગાંઠ ખૂબ જ મજબૂત હશે.

બે રૂમ હોલ અને રસોડાના જે ફ્લેટ માત્ર ચારથી પાંચ હજાર રૂપિયામાં ભાડે મળતા હતા તે ફ્લેટમાં છ વિદ્યાર્થીઓને રાખીને વ્યક્તિગત 2000 થી 2500 રૂપિયા દલાલો વસુલે છે તેથી એક મકાન નું માસિક ભાડું 12 થી 15 હજાર રૂપિયા ખંખેરી લે છે. પૂર્વ વિસ્તારમાંથી કોલેજો નજીક પડતી હોવાથી વિદ્યાર્થીઓ ની માંગ આજવા વાઘોડિયા રોડ ઉપર જ વધુ છે જેનો ભરપૂર લાભ દલાલો કાયદા કાનૂનનો ડર રાખ્યા વગર બેફામ બનીને લઇ રહ્યા છે. વિદ્યાર્થીઓ ને મકાન માલિકો સાથે થઈ રહેલી છેતરપિંડી અને ઉઘાડી લૂંટ ને કાબુમાં લેવા સત્વરે પોલીસ તંત્રએ સતર્ક બનીને કાયદાકીય પગલા લેવાની કામગીરી હાથ ધરવાની જરૂરી છે.

વિદ્યાર્થીઓ મિલકત ખાલી કરે ત્યારે સામાન સગે વગે

ભૂતકાળમાં સ્થાનિક પોલીસ મથકોમાં એવી પણ અરજીઓ થઈ છે કે મકાન માલિકની જાણ બહાર દલાલોના ઇશારે વિદ્યાર્થીઓ રાતોરાત મિલકત ખાલી કરીને પલાયન થઈ જાય છે સર સામાન સહિત ભાડે આપતા મકાન માલિકો ને જ્યારે જાણ થાય ત્યારે તેમની મિલકતમાં તપાસ કરે ત્યારે ખબર પડે કે અંદરથી સરસ સામાન અને રાજ રચીલું પણ ગુમ થયું છે દલાલોને જાણતા વિદ્યાર્થીઓ રકુચક્કર થયા બાદ મકાન માલિક દલાલો સાથે પૂછતા કરે એટલે માથાભારે દલાલો ગલ્લા તલ્લા કરીને ઉડાવ જવાબો આપે છે. એક બાજુ મકાન માલિકોને ભાડું નજીવું મળે અને વિદ્યાર્થીઓ જાય ત્યારે સર સામાન પણ ગુમ થઈ જતો હોવાથી પડ્યા પર પાટુ વાગતું હોય તેવી ઘટનાઓ પણ બની ચૂકી છે. આવા કેટલાક કિસ્સાઓમાં મકાનમાલિક પોલીસની મદદ લે તો દલાલો જ પાછલા બારણેથી સરસામાન પરત કરાવીને ભીનું સંકેલવામાં મદદ કરે છે.

વાઘોડિયા રોડ પર સગીરને નોકરી પર રાખી મજૂરી કરાવતો વેપારી ઝડપાયો

બોમ્બે પંજાબી ખાનાની હોટલમાં એએચટીયુની ટીમે દરોડો પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વાઘોડિયા રોડ પરથી દશાલાડ ભવન પાસે આવેલી બોમ્બે પંજાબી

ખાનાની હોટલમાં એએચટીયુની ટીમે રેડ કરીને બાળ મજુરી કરાવતા વેપારીને અટકાયત કરી હતી. જ્યારે સગીર બાળકને હોટલ માલિકના ચુંગાલમાંથી મુક્ત કરાવીને તેના પરિવારને સોંપવામાં આવ્યો હતો.

શહેરના વિવિધ વિસ્તારોમાં ખાણીપાણીની લારી, હોટલ અને રેસ્ટોરન્ટ સહિતના વેપારીઓ દ્વારા સગીર બાળકોને નોકરી પર રાખીને તેમનું સામાન્ય વળતર આપીને શારીરિક શોષણ કરતા હોય છે. ત્યારે એન્ટી હ્યુમન ટ્રાફિક સ્કોડ દ્વારા અવાર નવાર સપાટો બાલવ્યો છે. ત્યારે 26 માર્ચના રોજ એએચટીયુની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગની કામગીરી કરી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે ડભોઇ દશાલાડ ભવન પાસે આવેલી હરીગંગા ટેનામેન્ટમાં આવેલી પંજાબી ખાના ખાનાના દુકાનમાં હોટલ માલિક સગીર બાળક પાસે બાળમજુરી કરાવે છે. જેથી એએચટીયુની ટીમ દ્વારા બોમ્બે પંજાબીખાની હોટલમાં દરોડો પાડ્યો હતો. ત્યારે સ્થળ પરથી ત્યાં કામ કરતો 16 વર્ષીય સગીર બાળક મળી આવ્યો હતો. જેથી પોલીસ દ્વારા હોટલ માલિક પપ્પુ ભોગીરામ વાઘેલા (રહે. પ્રતિમનગર વાઘોડિયા રોડ વડોદરા મૂળ, રાજસ્થાન)ને વિરુદ્ધ જુવેનાઇલ જસ્ટીસ એક્ટ હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભારે વાહનો મધ્ય લેન, ડાબી લેન ઉપર વાહનો ચલાવે તેની જાણકારી અપાઇ

હાઈવે પર લેન મુજબ વાહનો ચાલે તે માટે પોલીસ કર્યવાહી શરૂ

ટ્રાફિક અધિકારીઓ તથા કર્મચારીઓ તેમજ ટોલ પ્લાઝાના કર્મચારીઓ હાજર રહ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેર ટ્રાફિક પોલીસ દ્વારા વડોદરા-હાલોલ ટોલ પ્લાઝા ખાતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને નેશનલ એક્સપ્રેસ વે ઉપર દોડતા ભારે વાહનો મધ્ય લેન, ડાબી લેન ઉપર ચાલે તે માટે જનજાગ્રુતિ અને અમલીકરણ અંગેના અભિયાનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. માઈક સિસ્ટમ દ્વારા લેન ડિસિપ્લિનના નિયમો સમજાવવા સાથે દરેક નિયમોનુ ફરીજીયાત પણે પાલન કરવા જણાવ્યું હતું. ટોલ પ્લાઝાના કર્મચારીઓને આ નિયમો અવાર-નવાર વાહન ચાલકોને સંભળાવવા માટે પણ સમજ કરાઈ હતી.

વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિંમ્હા કોમાર તથા અધિક પોલીસ કમિશ્નર ડો.લીના પાટીલ, નાયબ પોલીસ કમિશ્નર જ્યોતિ પટેલના માર્ગદર્શન હેઠળ 26 માર્ચના રોજ 12 થી 3:00 વાગ્યા સુધી વડોદરા - હાલોલ ટોલ પ્લાઝા ખાતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને નેશનલ એક્સપ્રેસ વે ઉપર ચાલતા ભારધારી વાહનો મધ્ય લેન, ડાબી લેન ઉપર ચાલે તે માટે જન જાગૃતિ અને અમલીકરણ અંગેના અભિયાન અંતર્ગત ટ્રાફિક પોલીસ વડોદરા શહેર દ્વારા માઈક સીસ્ટમથી સુચનો આપવામાં આવ્યા હતા. જેમાં ટ્રાફિક અધિકારીઓ તથા કર્મચારીઓ તેમજ ટોલ પ્લાઝાના કર્મચારીઓ હાજર રહ્યા હતા. જેમાં માઈક સિસ્ટમ દ્વારા લેન ડિસિપ્લિનના નિયમો સમજાવવાં આવ્ય